# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

વંચાણે : (૧) અત્રેની કચેરીના જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/૧૧૫૫૯/૨૦૧૨, તા.૪/૧૦/૨૦૧૨
(૨) અત્રેની કચેરીના જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/૮૩૯૧/૨૦૧૩, તા.૪/૭/૨૦૧૩
(૩) અત્રેની કચેરીની નોંધ તા.૨૩/૦૭/૨૦૧૩

## — :: પરિપત્ર :: —

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના કેમ્પસ તેમજ બહારના સંશોધન કેન્દ્રોનાં યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નામદાર સરકારશ્રી તરફથી નવી મંજુર થતી પ્લાન/આઈસીએઆર/એઆઈસીઆરપી/આરકેવીવાય તેમજ અધર એજન્સી યોજનામાં સંશોધન કામગીરી કરવા માટે RA/SRF/JRF/Field Worker તેમજ અન્ય તાંત્રિક જગ્યાઓ ફિકસ પગારે/આઈસીએઆરના નોર્મસ મુજબ રોકવા માટે ઉપરોકત વંચાણે લીધેલ પરિપત્ર મુજબ મંજુરી આપવામાં આવે છે. તેમ છતાં ઘણી કચેરીઓમાં કોન્ટ્રકચ્યુલ સ્ટાફને રાજય સરકારશ્રી અને એજન્સી સાથે MoU દ્વારા નકકી થયેલ ફિકસ પગારે રોકવાની મંજુરી મળેલ હોય તે સિવાય મંજુરી વિના રોકવામાં આવે છે અને યુનિવર્સિટીના નીતિ–નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવતુ નથી. જેથી કોર્ટ કેસો/રીકવરી તેમજ અન્ય પ્રશ્નો ઉભા થવાની શકયતા રહેલી છે. જેને ધ્યાને લઈ આપની કચેરીમાં રોકવામાં આવેલ કોન્ટ્રાકચ્યુલ સ્ટાફને તાત્કાલીક અસરથી છુટા કરવાના રહેશે. ત્યાર બાદ જરૂરિયાત મુજબ ફરીથી ઈન્ટરવ્યુ ગોઠવીને ૧૧ માસ માટે અથવા નાણાકીય વર્ષના ફેબ્રુઆરીનાં અંત સુધી રોકવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

જા.નં. નકૃયુ/સંનિ/કોન્ટ્રાકચ્યુલ/ 6021-98 /૨૦૧૩
તા.૦૨/૦૮/૨૦૧૩

(signature)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
ન.કૃ.યુ., નવસારી

**નકલ રવાના :** પ્રતિ, યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂં.